# ખાણ ખનીજ વિભાગનો સપાટો : ખનીજ ચોરોમાં ફફડાટનો માહોલ

**કુલ ૯ વાહન સહીત ૧.૨૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી : ખાણ ખનીજ વિભાગ દ્વારા આશરે રૂ.૧૪ લાખની દંડનીય વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે : જિલ્લા ખાણ ખનીજ વિભાગે ગત વર્ષે ૩૫૫ થી વધુ કેસો પકડી પાડયા છે અને રૂપિયા ૪૩૨ લાખની દંડકીય રકમની વિક્રમજનક વસુલાત કરી છે**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૬
સાબરકાંઠા જિલ્લામાં ખનીજ ચોરી કરતા તત્વોને કાયદાનો પાઠ ભણાવવા ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોષીએ તેમની ટીમને સજ્જ રહેવા સૂચના આપેલ હતી તથા જિલ્લાના ખનીજ ચોરો ઉરફ્ંજઈ દ્વારા અધિકારીઓની રેકી કરતા હોવા છતાં કચેરીએ કમર કસી છે ત્યારે ખાણ ખનીજ વિભાગ ની તપાસ ટીમે અલગ અલગ સમયે આકસ્મિક રેઈડ કરી સરોલી થી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનીજ નું વહન કરતી ૦૨ ટ્રક, દેરોલ પાસેથી ૩ ટ્રેક્ટર, ટોલટેક્સ પાસેથી ૦૧ ટ્રક, તપાસ ટીમથી બચવા ભાગી ને લાલપુર ગામમાં ઘૂસી ગયેલ ૦૧ ટ્રક અને પ્રાંતિજ અને તાજપુર કુઈ વિસ્તારમાંથી ૦૨ ટ્રક એમ કુલ ૦૯ વાહનો બિનઅધિકૃત રીતે ખનીજ વજન કરતાં પકડી ૧.૨૦ કરોડનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે અને આશરે રૂ. ૧૩ લાખની દંડકીય વસુલાત ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તથા વડાલી ખાતેથી કોઈ પણ પ્રકારની પરવાનગી વગર રેતી અને કપચીનું વેચાણ કરતા જાવેદભાઈ મેમણ દ્વારા કરવામાં સ્ટોક કરી વેચાણ કરવામાં આવતો ૧૪૦ મે. ટન રેતી અને કપચીનો બિનઅધિકૃત જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા ખાણ ખનીજ વિભાગે ગત વર્ષે ૩૫૫ થી વધુ કેસો પકડી પાડયા છે અને રૂપિયા ૪૩૨ લાખની દંડકીય રકમની વિક્રમજનક વસુલાત કરી છે જેના કારણે ખનીજ ચોરોમા ફફડાટ ફેલાયો છે જ્યારે ખનીજ ચોરો સામે ખાણ ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ આવી કડક કાર્યવાહીની ચોમેરથી પ્રસંશા થઈ રહેલ છે



# અરવલ્લીમાં અસહ્ય ગરમી પછી સમી સાંજે સાંબેલાધાર વરસાદ : બફારાથી રાહત થઈ





બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૭
અરવલ્લી જિલ્લામાં રવિવાર સવારથી અસહ્ય બફારાથી પ્રજા ત્રાહીમામ પોકારતી હતી પરંતુ સાંજે મેઘ ગર્જના સાથે બાયડ, ધનસુરા, મોડાસા સહીતના અનેક વિસ્તારોમાં સાંબેલાધારે વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં પ્રજાને રાહત થઈ હતી.

છેલ્લા ૩ દિવસથી ચોમાસુ વિલંબમાં પડ્યાના અહેવાલથી વાવણી કરનારા ખેડૂતો ચિંતિત હતા. રવિવાર સવારથી અનેક લોકો નજીકના પર્યટક સ્થળે પહોંચ્યા હતા પરંતુ ઉનાળા જેવી આકરી ગરમી અને બફારાથી ત્રાસી ઉઠ્યા હતા. પરંતુ બપોર બાદ જિલ્લામાં કાળા ડિબાંગ વાદળોની જમાવટ અને પછી વરસાદ શરૂ થતાં પ્રવાસન સ્થળોએ પહોંચેલા અનેક લોકોએ ભિંજાઈ વરસાદની મોજ માણી હતી. અસહ્ય બફારા પછી વરસાદ વરસ્યો અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં પ્રજાને રાહત થઈ હતી. બાયડમાં સાંજના ૬ કલાકથી સાંબેલાધારે વરસાદ વરસતાં કેટલાક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

# બાયડ નજીકના ઝાંઝરીના ધરામાં ડૂબી જતાં અમદાવાદના યુવાનનું મોત

**ભોગીયા ધરાએ વધુ એક ભોગ લીધો : તંત્ર ફરી મગરનાં આંસુ સારશે**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૭
બાયડ તાલુકાના ઝાંઝરીના ભોગીયા ધરામાં ડૂબી જતાં અમદાવાદના સહેલાણી અગાપે ચંદુભાઈ રાઠોડ (ઉં.વ. ૧૮, રહે. બી-૩૯ જીવન એપાર્ટમેન્ટ, જશોદાનાગર, અમદાવાદ)નું મોત નિપજતાં આંબલીયારા પોલીસે એ.ડી. નોંધી તપાસ શરૂ કરી છે.



દર વર્ષે સોમાસામાં ઝાંઝરીના ભોગીયા ધરામાં ડૂબી જવાની દુર્ઘટના બને છે. તંત્ર સાવચેત હોવાની આલબેલ પોકારે છે પરંતુ સહેલાણીઓની સુરક્ષા કોરાણે મુકાતાં દર વર્ષે ભોગીયા ધરામાં ડૂબી જવાની દુર્ઘટના નોંધાય છે. તાજેતરમાં વરસેલા વરસાદ પછી પ્રકૃતિની રજવાડુ ગણાતા ઝાંઝરી વિસ્તારમાં અનેક સહેલાણીઓ આવી રહ્યા છે. રવિવારે અમદાવાદનો અશોક રાઠોડ અને તેનો મિત્ર અગાપે ચંદુભાઈ રાઠોડ ઝાંઝરી આવ્યા હતા જ્યાં ભોગીયા ધરામાં ન્હાવા પડેલ મિત્ર બહાર ન આવતાં આસપાસના લોકોની મદદ માંગી હતી. છેવટે સ્થાનિક તરવૈયા મદદે આવ્યા હતા પરંતુ તે અગાઉ વધુ પડતુ પાણી પી જવાથી અમદાવાદના યુવાનનું મોત નિજ્યુ હતુ.

# સરકારી શાળાઓ મર્જ : ઉત્તર ગુજરાતમાં ૧૫૦ થી વધુ શાળાઓ મર્જ થવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સરકારી શાળાઓમાં અનેક વાલીઓનો વિશ્વાસ વધ્યો અને તેમાં કોરોનાની અસર પણ ખરી જેથી અનેક સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે ત્યારે જ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ૧૨૦૦ થી વધુ પ્રાથમિક શાળાઓ મર્જ કરવા માટે તૈયારીઓ શરૂ કરી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૧૫૦ થી વધુ શાળાઓ મર્જ થવાની સંભાવના વચ્ચે આજે સોમવારે પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડેટા લઈને હાજર રહે તેવું ફરમાન થયાનું જાણવા મળ્યું છે. ઉત્તર ગુજરાતમાં અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં શાળાઓ મર્જ થવાની સંભાવના છે. બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ શાળાઓ મર્જ થઈ શકે છે.

સરકાર દ્વારા ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સરકારી શાળાઓ બંધ કરવાનો નિર્ણય કરાતાં પ્રારંભિક અંદાજમાં રાજ્યમાં

**આજે મર્જ થનારી શાળાઓના ડેટા સાથે ડી.પી.ઓ.ને હાજર રહેવા ફરમાન**

૫૦૦૦ સરકારી શાળાઓ ઓછા વિદ્યાર્થીઓના કારણે બંધ થાય તેવી સંભાવના હતી અને આ મુદે શિક્ષકો સહિત સંઘ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો ત્યારબાદ કેટલાક સુધારા કરી શાળાઓ મર્જ કરવાનો નિર્ણય કરાતાં હવે ૧૨૦૦ જેટલી શાળાઓ વિદ્યાર્થીની ઓછી સંખ્યાના કારણે મર્જ થવા જઈ રહી છે. ધો.૧ થી ૫ માં ૬૦ કરતાં ઓછા વિદ્યાર્થી અને ધો.૬ થી ૮ માં ૪૫ કરતાં ઓછા વિદ્યાર્થી હોય તેવી શાળાઓના વિદ્યાર્થીઓને નજીકની ૧ કી.મી. વિસ્તારમાં આવેલી શાળાઓમાં સમાવવાનો નિર્ણય કરાયો છે. અન્ય ૩ કી.મી. વિસ્તારની શાળાઓની યાદી પણ અલગથી તૈયાર કરવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આવા તમામ ડેટા તૈયાર કરી પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ ઉપસ્થિત રહેવાનું છે અને ત્યારબાદ ટૂંક સમયમાં જ શાળાઓ મર્જ કરવાની જાહેરાત થઈ શકે છે.

# ખેતરના ઘરમાં અજાણ્યા ધાડપાડુઓની ટોળકી ત્રાટકી

ભિલોડા,તા.૨૭
ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં સીમ વિસ્તારમાં ખેતરમાં ખેડુત અને શ્રમિકોને બંધક બનાવી રૂા.૨.૦૯ લાખની લુંટ ચલાવી અજાણ્યા ધાડપાડુ ટોળકીના ઈસમો પલભરમાં પલાયન થઈ ગયા હતા.ધોલવાણી ગામની સીમમાં ખેતરમાં આવેલા ઘરમાં અજાણ્યા ૭ થી ૮ ઈસમો આવ્યા હતા.બુકાનીધારી ધાડુપાડુ ટોળકીએ કહ્યું કે અમારી દીકરી અહીં સંતાડી છે તેમ કહીને ખેતરમાં શ્રમજીવી પરીવારને રૂમમાં પુરીને કેદ કર્યા હતા.ખેતર માલીકનો બાંધક બનાવી ધાડુપાડુઓએ ઘરમાં પ્રવેશ કરીને સમાન વેર-વિખેર કરી નાખ્યો હતો.તિજોરી-કબાટ ખોલી અંદરથી રૂા.૧,૮૫,૦૦૦/- રોકડા અને ચાંદીની રમજોડો તેમજ મોબાઈલ કુલ મુદ્દામાલ રૂા.૨,૦૯,૫૦૦/- ની લુંટ ચલાવી હતી.બુકાનીધારી અજાણ્યા ધાડુપાડુ ટોળકી વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ધોલવાણી ગામની સીમમાં ખેતર ધરાવતા વિનોદભાઈ સોમાભાઈ પંચાલ પરીવાર સાથે રહેતા ખેડુત સાથે અજાણ્યા ઈસમોએ તરખાટ મચાવ્યો હતો.ખેતમજુર પરીવારને રૂમમાં બંધક બનાવી મોબાઈલ છીનવી લીધો હતો.ધારીયા,લાકડી જેવા પ્રાણઘાતક હથીયારોથી સજ્જ થઈ આવેલ ધાડુપાડુ ટોળકીએ વિનોદભાઈ અને તેમના પત્ની ભાવનાબેનને બંધક બનાવી તેઓના ઘરમાં પ્રવેશી તિજોરી-કબાટમાંથી રૂા.૧,૮૫,૦૦૦/- ની રોકડા અને લોખંડના પતરાની પેટીનું તાળુ તોડીને ૨૦ તોલા વજનની ચાંદીની રમજોડોની કિંમત રૂા.૧૫,૦૦૦/- ની લુંટ ચલાવી હતી.

**ધોલવાણી ગામમાં ખેડુત અને શ્રમિકોને બંધક બનાવી રૂા.૨.૦૯ લાખની લુંટ ચલાવી**

ધાડુપાડુ ટોળકીએ ખેતમજુર એવા બાબુભાઈના બંન્ને દિકરાના મોબાઈલ પણ ઝુંટવી લીધા હતા.આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના દેખાતા અને ટી-શર્ટ,પેન્ટ,શર્ટ પહેરેલ બુકાનીધારી ધાડુપાડુ ટોળકીએ કુલ રૂા.૨,૦૯,૫૦૦/- માલમત્તાની ધાડ પાડતા ખેત મજુર પરીવારમાં ભારે ફફડાટ ફેલાયો હતો.બુકાનીધારી ટોળકીએ ધાડ પાડતા ચકચાર મચી જવા પામી હતી.પોલીસ સ્ટેશનમાં ફરીયાદી બાબુભાઈ ચુનાભાઈ તરાર,રહે.ધોલવાણી,મુળ રહે.ધંબોલીયાવાળાની ફરીયાદના આધારે પોલીસએ ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શિક્ષક વિશેષ...

# પ્રા.શિક્ષિકાનું માતૃ વાત્સલ્ય : ભૂતા પ્રા.શાળાના પ્રા.શિક્ષિકાએ માતૃ સુખથી વંચિત ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું કન્યાદાન કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭
સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો કશું ભણાવતા નથી, મફતનો પગાર લે છે..આવી ગેર માન્યતા અનેક વાલીઓ અને શિક્ષિત લોકોના મગજમાં ઘર કરી ગઈ છે. નાના બાળકોને ભણાવતા શિક્ષકોની કામગીરીને નિત્ય બિરદાવવી જોઈએ. પ્રા.શિક્ષકો શાળામાં બાળકોને ભણાવે, શિક્ષણ વિભાગના આદેશ મુજબ દફતરી કામ કરે..આવું દરેક સમજતા હોય છે પરંતુ અનેક પ્રા.શિક્ષકોએ તેથીય વિશેષ કામગીરી કરી છે તેની દરેક સમાજ અને તંત્રએ નોંધ લેવી જોઈએ. માલપુર તાલુકાના અંતરીયાળ ભૂતા પ્રા.શાળાનું નામ અત્યારે બહુ જાણીતું છે. એક સમય એવો હતો કે સુવિધા વગરની શાળામાં કોઈ બાળકને ભણવા માટે મોકલવા વાલી તૈયાર ન હતા શાળામાં જિલ્લાફેર થઈને આવેલા લત્તાબેન વિઠ્ઠલભાઈ પટેલની નિયુક્તિ થઈ અને ધીરે ધીરે શાળા નંદનવન બની. માત્ર શિક્ષણ ઉપાસનાનું મંદિર નહીં પરંતુ અનેક લોકઉપયોગી કાર્ય કરી તેઓ વાલીઓના દિલમાં છવાઈ ગયા. પ્રા.શિક્ષિકાએ માતૃ સુખથી વંચિત ગરીબ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીનું કન્યાદાન કર્યું ત્યારે આ વાત જાણી અનેક કેળવણીકારો ગદગદીત બન્યા, તેમને શુભેચ્છાઓ પાઠવી. પ્રતિષ્ઠિત સર્વશ્રેષ્ઠ શિક્ષકનો ગત વર્ષે રાજ્ય એવોર્ડ જીત્યા ત્યારે એમ લાગ્યું કે શિક્ષણ વિભાગ હંમેશાં સારૂ કામ કરનારની માંડે માંડે પણ કદર કરે છે. કોરોનાના કપરા કાળમાં શેરી શિક્ષણ બહુ પ્રચલિત બન્યું અને તેનો શ્રેય ભૂતા પ્રા.શાળાના શિક્ષિકાને આપવો રહ્યો કારણ કે શેરી શાળાનો સૌ પ્રથમ વિચાર તેમની સ્ફૂરણાંનો હતો જેમાં શિક્ષકો બાળકોના ઘરે જઈ શિક્ષણ આપવા લાગ્યા.

**શેરી શાળાનો સૌ પ્રથમ વિચાર, સરકારી પ્રા.શાળા માટેની ઘર કરી ગયેલી માન્યતા વાલીઓના મનમાંથી દૂર કરાવી : પ્રતિષ્ઠિત સર્વશ્રેષ્ઠ શિક્ષકનો રાજ્ય એવોર્ડ જીત્યો**



### મુખ્ય શિક્ષક દ્વારા શરૂ કરેલી પ્રવૃત્તિ..

બાયડ : ભૂતા પ્રા.શાળાના મુખ્ય શિક્ષક રાજ્યના સર્વશ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ વિજેતા લત્તાબેન પટેલે આ વિસ્તારમાં અનેક સેવાકીય કાર્યો શિક્ષણની સાથે શરૂ કર્યા છે જેમાં....

-: માસ્ક સિલાઈ સેવા.
-: તાલુકાના સિનિયર સિટીઝન, ટેલિફોનિક માર્ગદર્શન અને સર્વે કામગીરી.
-: આરોગ્ય સેતુ એપ અંગે જાગૃતિ.
-: કોરોનાના કપરા કાળમાં બાળકો અને ગ્રામજનોને ઉકાળા તેમજ માસ્કનું વિતરણ.
-: જરૂરીયાતમંદને સહાય.
-: ચાલતા જતા શ્રમજીવીઓ માટે જરૂરીયાતમંદને નાસ્તો અને ચંપલનું વિતરણ.
-: મધ્યાહન ભોજન યોજના હેઠળ ચાર તબક્કામાં સફળતાપૂર્વક અનાજ વિતરણ.
-: ગુજરાત ગૌરવ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા.
-: બાળકોના હોમ લર્નિંગ માટે મોકલેલ શિક્ષકના ફોન દ્વારા વિડીયો કોલથી બાળક અને વાલી સાથે સંપર્ક.
-: પક્ષીઓ માટે માટીના માળા ઉપર બાળકોને ચિત્ર અને કલર કામ કરાવી સુંદર પક્ષીઓના માળા તૈયાર કરાવ્યા.

દાયકાઓ અગાઉ શ્રેષ્ઠ શિક્ષક બનવા માટે કોઈ રાજકીય આગેવાનની ભલામણ કે પછી કોઈ સારા અધિકારીને કવર આપી દો એટલે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળી જતો પરંતુ પાછલા ૧૦ વર્ષમાં જેમને પણ શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ મળ્યા છે તેમની કામગીરી જોતાં હવે યોગ્ય શિક્ષકોને જ સન્માનિત કરાતા હોવાનું સૌએ સ્વીકાર્યું છે.

દાયકા અગાઉ પતરાં વગરની અસુવિધાથી ભરપૂર માલપુર તાલુકાની ભૂતા પ્રા.શાળામાં માંડ ૫ વિદ્યાર્થી અભ્યાસ કરતા હતા. પરંતુ આ વિસ્તારમાં પુણ્ય પ્રતાપે એક સારા શિક્ષકની શિક્ષણ વિભાગે ભેટ આપી અને તે નામ એટલે લત્તાબેન પટેલ. શાળાને વિકાસવંતી કરવાનો નિર્ણય લીધો શિક્ષક પતિ અને પરિવારનો સહયોગ મળ્યો અનેક સ્થળે ધક્કા ખાધા અને પોતાના સ્વપ્નની સરકારી શાળાને બનાવી દીધી. તેમની નિષ્ઠા અને શિક્ષણ પ્રત્યેની કૃતજ્ઞતાની શિક્ષણ વિભાગે નોંધ લીધી. તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેના એવોર્ડ જીત્યા. તેઓએ માત્ર શિક્ષણ જ નહીં પરંતુ સામાજીક પ્રવૃત્તિમાં પણ પોતાનું મહત્વનું યોગદાન આપી આ વિસ્તારના લોકોના હૃદય સમ્રાટ બની ગયા છે.આ વિસ્તારમાં શિક્ષણ ઓછું હતું જેથી અંધશ્રદ્ધા, વ્યસન મુક્તિ, કુરિવાજો દૂર કરવા માટે પણ તેઓએ અથાગ પ્રયત્નો કર્યા અને તેના સારા પરિણામો જોવા મળ્યા. બહારનો નાસ્તો કરે એટલે વિદ્યાર્થી બિમાર થઈ જાય જેના કારણે તેઓએ શાળામાં જાતે નાસ્તો બનાવી બાળકોને પિરસતા જેથી બાળક હોંશે..હોંશે શાળામાં આવવાનું પસંદ કરે અને ઘરે જવાનું થાય ત્યારે બાળકના પગ પણ ઉપડતા ન હતા તેવા અનન્ય દ્રશ્યો આ શાળામાં અનેકવાર જોવા મળ્યા છે.







## જન્મદિને વધામણી



અવિનાશ જોષી
(સદસ્ય : કાંકણોલ ગ્રામ પંચાયત)
હિંમતનગર, જિ. સાબરકાંઠા



કલ્પેશભાઈ જોષી
(રાઘવ ઓટો પાર્ટસ)
ઘડી (હિંમતનગર)



સંજયભાઈ પી. શેઠ
(સૌરાષ્ટ્ર ફરસાણ)
બાયડ, જિ.અરવલ્લી



રાકેશભાઈ પટેલ, પત્રકાર
મોડાસા, જિ.અરવલ્લી



સૌરભ(ભોલો) ચૌધરી
બાયડ, જિ.અરવલ્લી



નિરવ નાયી
(ટી.આર.બી., હિંમતનગર)
ઘડી તા.પ્રાંતિજ



બી.વાય.ડી.-૦૧૬)
કૌશિકભાઈ જી. પટેલ
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**